પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 07/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : Saturday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજે રાજ્યમાં વિવિધ વિકાસ કાર્યો અંગે સમીક્ષા બેઠક યોજશે.**
2. **ગીર સોમનાથના વેલણમાં ભારતના ત્રીજા સ્પેસપોર્ટના વિકાસની દિશામાં મહત્વપૂર્ણ પહેલ**
3. **ભાવનગર લઠ્ઠાકાંડમાં એક લાખથી વધુ પાનાંની ચાર્જશીટ કોર્ટમાં રજૂ**
4. **UPSC મેઇન્સ 2026ના પરિણામ જાહેર: SPIPAના 59 ઉમેદવારો ઇન્ટરવ્યુ માટે ઉતીર્ણ થયા**
5. **ગુજરાત સ્ટેટ કરાટે ચેમ્પિયનશિપ 2026માં અમદાવાદના રુદ્રાંશે રજત અને સુવર્ણ ચંદ્રક જીત્યો**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજે રાજ્યમાં વિવિધ વિકાસ કાર્યો અને મોટા પ્રોજેક્ટોને લઈને સરકારના અધિકારીઓ તેમજ મંત્રીઓ સાથે બેઠક કરશે. સમગ્ર દિવસ દરમિયાન વિવિધ વિભાગોના અધિકારીઓ અને મંત્રીઓ સાથે બેઠક કરી અને કામો અંગેની સમીક્ષા કરવામાં આવશે.

દિવાળીના દિવસે તેઓ અમદાવાદમાં જ પરિવાર સાથે દિવાળીના તહેવારની ઉજવણી કરશે. જ્યારે 09 નવેમ્બરના રોજ અમદાવાદ ખાતે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. સરખેજ ગાંધીનગર હાઇવે પર બનાવવામાં આવેલા ચાર કિલોમીટર લાંબા ઓવરબ્રિજનું પણ તેઓ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવશે. વાડજ રામાપીરના ટેકરા ખાતે આવાસ યોજનાના લોકાર્પણ કાર્યક્રમ બાદ રાણીપ ડી માર્ટ નજીક તેઓ જાહેર સભાને પણ સંબોધન કરશે.

10 નવેમ્બરના રોજ બેસતા વર્ષના દિવસે કેન્દ્રીય મંત્રી અમિત શાહ પોતાના થલતેજ ખાતેના નિવાસ્થાને ભાજપના નેતાઓને કાર્યકર્તાઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવશે.

SPACE- SPOT SAURASHTRA

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામે ભારતના ત્રીજા સ્પેસપોર્ટના પ્રસ્તાવિત વિકાસને લઈને મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત રાજ્યના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુન મોઢવાડિયાએ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા સાથે વેલણ ગામે પ્રસ્તાવિત સ્થળની મુલાકાત લઈ જમીનનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

મંત્રીશ્રીઓએ સ્થળ પર જમીનની ઉપલબ્ધતા , જમીન સંપાદનની કામગીરી, સ્થળનું ટેકનિકલ મૂલ્યાંકન તેમજ ભૌગોલિક પરિસ્થિતિઓ સહિતના વિવિધ પાસાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી સંભવિત વિકાસ અંગેની વિગતો મેળવી હતી. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ અંગે વધુ માહિતી આપી

(BYTE: DR. PRADYUMAN VAJA, EDUCATION MINISTER)

BHAVNAGAR LIQUER CASE

ભાવનગરમાં થયેલા લઠ્ઠાકાંડમાં 14 નિર્દોષના ભોગ લેનાર પ્રકરણમાં સ્ટેટ મોનિટરિંગ સેલ - SMCએ 42 આરોપી સામે એક લાખથી વધુ પાનાંની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી છે. SMC દ્વારા આ ચાર્જશીટમાં મની ટ્રેલ , સીસીટીવી ફૂટેજ, કોલ રેકોર્ડિંગ અને કોલ ડિટેઇલ રેકોર્ડ સહિત ટેકનિકલ પુરાવાઓ સામેલ કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે , આ લઠ્ઠાકાંડના તાર ગુજરાત ઉપરાંત રાજસ્થાન , મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને હરિયાણા સુધી હોવાનું સામે આવ્યું હતું. જેમાં તપાસ દરમિયાન પોલીસે કુલ 42 આરોપીઓને ઝડપી પાડ્યા હતા. જ્યારે હજુ પણ આ ગુનામાં 10 જેટલા આરોપીઓ વોન્ટેડ છે.

ARVALLI POLICE

આગામી દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષાના સઘન પગલાં લેવામાં આવ્યા છે. રાજસ્થાન અને દિલ્હી તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. અરવલ્લી જિલ્લાની આશરે 9 આંતરરાજ્ય સરહદો પર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી શંકાસ્પદ વાહનોનું સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું હોવાનું અરવલ્લી Dy. SP જે. ડી. વાઘેલાએ જણાવ્યું હતું.

(BYTE: J. D. VAGHELA, DY. SP., ARAVALLI)

RAILWAY AI

અમદાવાદ રેલ્વે સ્ટેશન પર તહેવારોને કારણે ભારે ભીડ જોવા મળી હતી. રેલ્વે અધિકારી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે , મુસાફરોની સલામતી અને સુવિધાઓને મજબૂત બનાવવા માટે **AI** ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

(BYTE: VED PRAKASH, DRM)

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

KALI CAUDAS

રાજયભરમાં આજે કાળી ચૌદસની ધાર્મિક પરંપરા મુજબ ઉલ્લાસભેર ઉજવણી કરાશે.

આજે વિવિધ મંત્ર સિદ્ધિ પ્રયોગો અને મહકાલી માઁ , ભૈરવનાથ, હનુમાનજી, ઘંટાકર્ણ મહાવીર તેમજ સમસ્ત રક્ષક દેવોની આરાધના ઉપાસના કરવાનો ઉત્તમ દિવસ છે. રાજયભરના મંદિરોમાં આજે વિશેષ પૂજન-અર્ચન કરાશે. અમદાવાદના કેમ્પ હનુમાન મંદિરમાં આજે મારુતિ યજ્ઞ તેમજ સુંદરકાંડના પાઠનું આયોજન કરાયું છે.

PAMCHMAHAL ACCIDENT

પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકામાં ત્રણ અલગ-અલગ માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિનાં મોત થયાં છે , જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. અગરવાડા ગામમાં એક કાર અને બાઇક વચ્ચે અકસ્માત થતાં બાઇક પર સવાર ત્રણ વ્યક્તિઓનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. બીજો અકસ્માત દિવાળી ઘાંટા-મેત્રાલ માર્ગ પર બે બાઇક વચ્ચે થયો હતો , જેમાં બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. જ્યારે મોરવા ગામ નજીક દેલોચ ગામ પાસે બાઇકની ટક્કરથી બે વ્યક્તિઓને ઈજા થઈ હતી.

AMBAJI AARTI TIME CHANGE

શક્તિપીઠ અંબાજી મંદિરમાં દિવાળી અને નૂતન વર્ષના તહેવારો નિમિત્તે આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. નૂતન વર્ષ , મંગળવારે સવારે આરતીનો સમય 6 વાગ્યાથી 6:30 અને સવારના દર્શન 6:30 વાગ્યાથી 11:30 વાગ્યા સુધી થઈ શકશે. બપોરે 12:30થી 16:15 વાગ્યા સુધી દર્શન ખુલ્લા રહેશે. જ્યારે સાંજે આરતી 6:30 વાગ્યાથી 7 વાગ્યા સુધી થશે આને દર્શન 7 વાગ્યાથી 9 વાગ્યા સુધી ચાલુ રહેશે.

UPSC RESULT

UPSC સિવિલ સર્વિસીસ મેઇન્સ 2026ના પરિણામમાં ગુજરાતની સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (**SPIPA)**ના 59 ઉમેદવારો પાસ થયા છે. સંસ્થામાં તાલીમ લેનારા આ ઉમેદવારો હવે **IAS, IPS** સહિતની અખિલ ભારતીય સેવાઓમાં સ્થાન મેળવવા માટે ઇન્ટરવ્યૂના અંતિમ પડાવમાં પહોંચ્યા છે. મહત્વનું છે કે **SPIPA** દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં કુલ 88 ઉમેદવારો **UPSC**ની અંતિમ પસંદગીમાં સ્થાન મેળવી ચૂક્યા છે.

UPSC દ્વારા 24 મે 2026ના રોજ સિવિલ સર્વિસીસ પ્રિલિમિનરી પરીક્ષા યોજવામાં આવી હતી. જેનું પરિણામ 18 જૂન 2026ના રોજ જાહેર કરાયું હતું. આ પરીક્ષામાં સમગ્ર દેશમાંથી કુલ 13 હજાર 343 ઉમેદવારો મેઇન્સ પરીક્ષા માટે ક્વોલિફાય થયા હતા. જેમાં **SPIPA**ના કુલ 237 ઉમેદવારોનો સમાવેશ થતો હતો. ત્યારબાદ ઓગસ્ટ 2026માં મેઇન્સ પરીક્ષા યોજાઈ હતી. જે બાદ જાહેર થયેલા પરિણામમાં દેશભરમાંથી કુલ 2 હજાર 526 ઉમેદવારો ઇન્ટરવ્યૂ માટે ક્વોલિફાય થયા છે. તેમાં **SPIPA**ના 237 ઉમેદવારોમાંથી 59 ઉમેદવારોએ સ્થાન મેળવ્યું છે.

CA FOUNDATION RESULT

ધી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (**ICAI)** દ્વારા લેવાયેલી **CA** ફાઉન્ડેશન સપ્ટેમ્બર- **2026**ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ કેન્દ્રનું પરિણામ **20.94** ટકા નોંધાયું છે. આ પરિણામમાં અમદાવાદ કેન્દ્રના મે **2026**ની પરીક્ષાની સરખામણીએ **3.61** ટકાનો વધારો પણ નોંધાયો છે.

અમદાવાદ કેન્દ્ર પરથી સપ્ટેમ્બર- **2026**ની પરીક્ષામાં કુલ **3** હજાર **587** વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી **751** વિદ્યાર્થીઓ સફળ થયા છે. દેવમ સંઘવીનો અમદાવાદમાં પહેલો રેન્ક આવ્યો છે જ્યારે શૈવલ સુતરીયાનો ઓલ ઈન્ડિયા **20**મો અને અમદાવાદમાં બીજો રેન્ક આવ્યો છે.

KARATE

કરાટે એસોશિયેશન ઓફ ઇન્ડિયા દ્વારા જૂનાગઢ ખાતે યોજાયેલ સ્પર્ધામાં અમદાવાદના ૯ વર્ષના રુદ્રાંશ શાહે એક સુવર્ણ અને એક રજત ચંદ્રક મેળવ્યો હતો. ચેમ્પિયનશિપમાં ૮થી ૯ વર્ષના વયજૂથમાં , ૫૨ કિલોગ્રામ વજન વર્ગની કલર બેલ્ટ કેટેગરીમાં રુદ્રાંશ શાહે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કુમિતે ઇવેન્ટમાં સતત બે રાઉન્ડની ફાઈટ જીતીને પ્રથમ સ્થાન સાથે સુવર્ણ જીત્યો હતો. જ્યારે કાતા ઇવેન્ટમાં એક રાઉન્ડની ફાઈટ જીતીને રજત ચંદ્રક મેળવ્યો હતો.

JUNAGADH

જૂનાગઢ જિલ્લાના માળીયાહાટીના તાલુકાના અમરાપર ગામે રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલને હસ્તે રૂપિયા **43** કરોડને ખર્ચે બનનાર પાણી યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ યોજના અંતર્ગત માળિયા તાલુકાના **42** મેંદરડાના પાંચ અને ગીર સોમનાથ જિલ્લાના એક ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે જ્યાં ગ્રામીણ વિસ્તારમાં પીવાનું શુદ્ધ પાણી મળી રહેશે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે , રાજ્યમાં સૌની યોજના , કલ્પસર યોજના અને નલ સે જ લ યોજના થકી ઘરઘરમાં પાણી પહોંચાડવા સરકાર પ્રતિબ દ્ધ છે. સાથોસાથ જુનાગઢ તાલુકાના **18** ગામો માટે રૂપિયા પોણા નવ કરોડને ખર્ચે બનેલ બીલખા જૂથ સુધારણા પાણી યોજનાનું પણ મંત્રીશ્રીએ લોકાર્પણ કર્યું હતું.

BHAVNAGAR - RAILWAY INCOME

ભાવનગર રેલવે મંડળના વાણિજ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવેલા સઘન ટિકિટ ચેકિંગ અભિયાન દરમિયાન માત્ર બે જ દિવસમાં **23.68** લાખની આવક પ્રાપ્ત કરી છે. બંને દિવસમાં કુલ **2** હજાર **323** કેસમાં ટિકિટ વિના કે અનિયમિત રીતે મુસાફરી કરતા મુસાફરો સામે કાર્યવાહી કરી આ દંડ વસૂલવામાં આવ્યો. આ આવક ભાવનગર મંડળના ઇતિહાસમાં ટિકિટ ચેકિંગ દ્વારા પ્રાપ્ત થયેલી સર્વોચ્ચ આવક છે.

TERA TUJKO ARPAN

“તેરા તુજકો અર્પણ કાર્યક્રમ ” અંતર્ગત બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી છે. ડીસા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા લૂંટના ગંભીર ગુનાનો સફળતાપૂર્વક ભેદ ઉકેલી, પોલીસે લૂંટમાં ગયેલ **27.44** લાખ રૂપિયાની કિંમતનો ચાંદીના ઘરેણાનો મુદ્દામાલ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે મૂળ માલિકને સુપરત કર્યો હતો.

આ ગુનાનો ભેદ ઉકેલવામાં બનાસકાંઠા **LCB**ના પોલીસ ઇન્સ્પેક્ટર ડી.એમ. રાઠોડ તથા તેમની ટીમ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી તે તમામને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પ્રશંસાપાત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લા પોલીસ દ્વારા “તેરા તુજકો અર્પણ કાર્યક્રમ ” અંતર્ગત કુલ રૂ. 4.66 કરોડથી વધુનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કરવામાં આવ્યો છે.